# ચિદમ્બરમ્ આજે વચગાળાનું બજેટ રજૂ કરશે

નવી દિલ્હી,તા.૧૬

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે અનેક પ્રકારની અપેક્ષાઓ અને પડકાર વચ્ચે નાણાંપ્રધાન પી ચિદમ્બરમ્ આવતીકાલે વચગાળાનું બજેટ રજૂ કરનાર છે. બજેટમાં આર્થિક બાબતો પર તમામ લોકોની નજર કેન્દ્રિત રહેશે જેમાં પ્રત્યક્ષ, પરોક્ષ કરોમાં કોઈ ફેરફાર થાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે પરંતુ આર્થિક ચિત્રને લઈને ચોક્કસપણે ઉત્સુકતા દેખાઈ રહી છે. સામાન્ય ચૂંટણી પહેલા વચગાળાના બજેટમાં સરકાર વર્ષ ૨૦૧૪-૧૫ માટે આવક અને ખર્ચના એક મોટા અંદાજને રજુ કરવાની સાથે સાથે સંસદ પાસેથી નવા નાણાંકીય વર્ષના પ્રથમ ચાર મહિનાના ખર્ચની વિગત માંગશે. એપ્રિલ-માર્ચ ૨૦૧૩-૧૪ના બજેટમાં ખાદ્યને જીડીપીના ૪.૫ ટકા સુધી મર્યાદિત રાખવાનું લક્ષ્ય રાખવામાં આવ્યુ હતુ. ચિદમ્બરમ પહેલાથી જ કહી ચુક્યા છે કે વચ ગાળાના બજેટમાં ટેક્સ મામલે કોઈ વધારે રજુઆત કરી શકાશે નહીં. પરંતુ કોઈ કાયદામાં સુધારાને બાદ કરતા કોઈ પ્રસ્તાવ રજુ કરી શકાય છે. સ્પેક્ટ્રમ હરાજી મારફતે જંગી રકમ ઉભી થયા બાદ નવી આશા જાગી છે. જીએસટી, ડીટીસી, શ્રમ સુધારા જેવા અનેક મુદ્દા છે જેના પર લોકોની નજર રહેશે. નાણાંમંત્રીએ છેલ્લા બજેટમાં એક કરોડ રૂપિયા અથવા તો તેનાથી વધારાની કમાણી કરનાર ઉપર ૧૦ ટકાનો વધારાનો ટેક્સ મુક્યો હતો જ્યારે ૧૦ કરોડથી વધારાની આવક પર વધારાનો પાંચથી ૧૦ ટકાનો કરવેરો વધાર્યો હતો. આ બજેટમાં નાણામંત્રી કેટલીક નવી પહેલ કરી શકે છે. સામાજિક યોજના માટેની ફાળવણીમાં વધારો કરવામાં આવી શકે છે. જો કે ચિદમ્બરમ્ પાસે કોઈ વધારે વિકલ્પ દેખાઈ રહ્યા નથી છતાં ચૂંટણીના વર્ષને ધ્યાનમાં લઈને લોકોને કેટલાક અંશે પ્રભાવિત કરવાના પ્રયાસ ચોક્કસપણે થઈ શકે છે. આગામી ત્રણ-ચાર મહિના માટે અંદાજિત ખર્ચને પહોંચી વળવા માટે સંસદની મંજૂરી લેવાના હેતુસર વોટ ઓન એકાઉન્ટ રજૂ કરવામાં આવનાર છે. જ્યાં સુધી નવી સરકાર ન રચાય ત્યાં સુધી અંદાજિત ખર્ચની રજૂઆત કરવામાં આવનાર છે. વોટ ઓન એકાઉન્ટ પહેલાં ભારતીય



બજારમાં આ વર્ષે ૨૦૧૪માં હજુ સુધી ૭૦૦ પોઈન્ટનો કડાકો બોલી ગયો છે. એકલા ફેબ્રુઆરી મહિનામાં ૨૦૦ પોઈન્ટથી વધુનો કડાકો બોલી ગયો છે.

બજેટ નિષ્ણાંતોનું કહેવું છે કે વચગાળાનું બજેટ અથવા તો વોટ ઓન એકાઉન્ટ બજાર માટે ખૂબ મહત્વપૂર્ણ છે પરંતુ આગામી સામાન્ય ચૂંટણી પણ નજીક છે ત્યારે ચિદમ્બરમ્ સામે પડકારરૂપ સ્થિતિ ઊભી થઈ ગઈ છે. વોટ ઓન એકાઉન્ટ પોતે જ એક નિયંત્રણ તરીકે છે જેમાં કોઈપણ નવા સીધા કરવેરા લાદી શકાય નહીં. પ્રત્યક્ષ કરવેરામાં કોઈ ફેરફાર કરી શકાય નહીં. નાણામંત્રી પાસે ખૂબ ઓછા મુદ્દાઓ રહે છે. પરોક્ષ કરવેરામાં ફેરફાર થઈ શકે છે. પોલીસીના સંદર્ભમાં કેટલાક નિર્ણય લઈ શકાય છે. જાણકાર લોકો માને છે કે વૈશ્વિક બજારમાં સ્થિતિ અસ્થિર બનેલી છે ત્યારે નાણામંત્રી વોટ ઓન એકાઉન્ટ રજૂ કરી રહ્યા છે. કરવેરાના મોરચે કોઈ મોટી જાહેરાતની શક્યતા દેખાઈ રહી નથી પરંતુ નાણાંકીય મજબૂતીના મુદ્દે કોઈ વાત કરવામાં આવી શકે છે. સામાન્ય ચૂંટણી યોજાઈ ગયા બાદ જે સરકાર કેન્દ્રમાં સત્તા ઉપર આવશે તે જુલાઈ ૨૦૧૪માં નિયમિત વાર્ષિક બજેટ રજૂ કરશે. આ બજેટમાં મહેસૂલી ખાદ્યના ટાર્ગેટની વાત કરવામાં આવશે. ૨૦૧૪માં હજુ સુધી શેરબજારમાં મંદીની સ્થિતિ રહી છે. બીજી બાજુ ભારતીય બજારો માટે કરોડરજ્જૂ સમાન બની ગયેલા વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ભારતીય બજારમાંથી ૧૭૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. આવી સ્થિતિમાં ચિદમ્બરમ્ માટે ઘણા પડકાર રહેશે. યુપીએ સરકાર એક પછી એક કૌભાંડો અને ભ્રષ્ટાચારથી ગ્રસ્ત હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૦૯માં ૧૬મી ફેબ્રુઆરીના દિવસે વચગાળાનું બજેટ તત્કાલિન નાણામંત્રી અને હાલના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ રજૂ કર્યું હતું જેમાં તેમને કહ્યું હતું કે આમ આદમી ઉપર મુખ્ય ધ્યાન અપાય તે જરૂરી છે. નાણામંત્રી તરીકે ચિદમ્બરમ્ સોમવારના દિવસે ચૂંટણી પૂર્વે વોટ ઓન એકાઉન્ટ રજૂ કરનાર છે. સામાજિક ક્ષેત્રની યોજનાઓ માટે આને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ખર્ચ માટેની દરખાસ્તોની સાથે સાથે પરોક્ષ કરવેરાની વાત થઈ શકે છે. ટેક્સ દરખાસ્તો ઉપર તમામની નજર છે. છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં સરકાર ઉપર આર્થિક સિદ્ધિઓ ઉપર પ્રકાશ ફેંકવામાં આવશે.

## મહિલા અનામત બિલ પસાર કરી દેવાશે : રાહુલની ખાતરી

તુમકુર,તા. ૧૬

ભાજપ અને સંઘ પર તેજાબી પ્રહારો કરતા કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે કહ્યું હતું કે વિરોધ પક્ષના નેતાઓ મહિલાનુ સન્માન કરતા નથી. તેમની વિચારધારાની આજે કોઇ જગ્યા નથી. કર્ણાટકમાં મહિલા રેલીને સંબોધતા રાહુલે કહ્યું હતું કે તેમની વિચારધારાની મહિલાઓ માટે કોઇ મહત્વ ધરાવતી નથી. રાહુલે તેમના સંબોધનમાં મહિલાઓને વધારે સત્તાઓ આપવાની વાત કરી હતી. તેમની પાર્ટી ચૂંટણી પ્રક્રિયામાં વધારે મહિલાઓને સામેલ કરવા ઇચ્છે છે. તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી અમે મહિલાઓને વધારે સત્તા અને તાકાત આપીશુ નહી ત્યાં સુધી ભારત સુપર પાવર બની શકશે નહી. જ્યાં ક્યા પણ મહિલાઓને વધારે તાકાત અને સત્તા મળી છે ત્યાં ઝડપથી વિકાસની ગતિવિધી આગળ વધી છે. રાહુલે કહ્યું હતું કે અમે રાજકારણમાં મહિલાઓને એકસમાન અધિકાર આપવા માંગીએ છીએ. તેમણે કહ્યુ હતું કે પંચાયત, વિધાનસભા અને



સંસદમાં વધારે મહિલાઓ નજરે પડે તે જરૂરી છે. કોંગ્રેસના નેતાએ કહ્યુ હતું કે અમે એવી ઇચ્છા રાખી રહ્યા છીએ કે એ દિવસ વહેલી તકે આવે જ્યારે મહિલાઓ સાંજે, રાત્રે, અને દિવસમાં કોઇ પણ દહેશત વગર ચાલી શકશે. બસમાં મુસાફરી કરી શકશે. દરેક ક્ષેમાં મહિલાઓ આગળ આવે તેવી ઇચ્છા રાહુલે વ્યક્ત કરી હતી. ગાંધીએ કહ્યું હતું કે ઉત્તરપ્રદેશ સરકારે કોંગ્રેસ શાશિત રાજ્ય કર્ણાટક પાસેથી બોંધપાઠ લઈને મહિલા સ્વ સુરક્ષા સ્કીમ અમલી બનાવી છે. મહિલા અનામત બિલનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હબતું કે આ બિલ સંસદમાં ટુંક સમયમાં પસાર થઈ જશે. મનરેગા અને ફુડ બિલ જેવી યુપીએ સરકારની વિવિધ જન કલ્યાણ યોજનાનો રાહુલે ઉલ્લેખ કર્યો હતો. યુપીએ સરકાર રેપ વિરોધ કાયદા પર પણ કામ કરી ચુકી છે. દેશની પ્રગતિમાં મહિલાઓની તાકાતનો ઉપયોગ કરવાની ઈચ્છા રાહુલે વ્યક્ત કરી હતી. રાહુલે ચૂંટણી અભિયાનના ભાગરૂપે કર્ણાટકમાં મહિલા રેલીને સંબોધી હતી. મહિલાઓને દેશના મોટી વોટ બેંક તરીકે ગણવામાં આવે છે. રાહુલે સંબોધનમાં સ્કુલી દિવસોના કિસ્સા સંભળાવ્યા હતા. રાહુલે મહિલાઓની શક્તિ અને અધિકારની વાત કરી હતી.

**માયાવતી વધારે સીટ જીતવા આશાવાદી**

## લોકસભા ચૂંટણી : હવે બસપ ૫૦૦ સીટ પર ચૂંટણી લડશે

લખનૌ,તા. ૧૬

૧૬મી લોકસભાની આગામી ચૂંટણીમાં બહુજન સમાજ પાર્ટી ફરી એકવાર સૌથી વધારે ૫૦૦થી વધારે બેઠકો પર ચૂંટણી લડનાર છે. આની સાથે જ તે સૌથી વધારે ઉમેદવાર મેદાનમાં ઉતારનાર પાર્ટી બની જશે. વર્ષ ૨૦૦૯ લોકસભાની ચૂંટણીમાં પણ બસપ દ્વારા દેશના ૨૫ રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશમાં પોતાના ૫૦૦થી વધારે ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. આમાંથી ૨૧ બેઠકો પર તેમની પાર્ટી જીત મેળવવામાં સફળ રહી હતી. ૧૫મી લોકસભાની ચૂંટણીમાં ગઠબંધન અને ચૂંટણી જોડણના પરિણામે કોંગ્રેસે લોકસભાની કુલ ૫૪૩ બેઠકો પૈકી ૪૪૦ બેઠકો અને ભારતીય જનતા પાર્ટીએ ૪૩૩ બેઠકો પર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. પોતાની સફળ સોશિયલ એન્જિનિયરિંગના સહારે વર્ષ ૨૦૦૭માં ઉત્તરપ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં પૂર્ણ બહુમતિ હાંસલ કરવામાં સફળતા મેળવી હતી. બસપને વર્ષ ૨૦૧૨માં યોજાયેલી ચૂંટણીમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. જેના પરિણામસ્વરૂપે હવે નવી તાકાત સાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. ઉત્તરપ્રદેશમાંથી લોકસભાની ૮૦ પૈકી મોટા ભાગની સીટો માટે બહુજન સમાજ પાર્ટીએ એક વર્ષ પહેલા ફેબ્રુઆરી ૨૦૧૩માં પોતાના ઉમેદવારોની યાદી જારી કરી હતી. બહુજન સમાજ પાર્ટી અને સમાજવાદી પાર્ટી વચ્ચે મુખ્ય સ્પર્ધા થનાર છે. જો કે લોકસભાની ચૂંટણીમાં આ વખતે ભાજપ અને કોંગ્રેસ સાથે પણ તીવ્ર સ્પર્ધા થનાર છે. માયાવતીના નેતૃત્વમાં બહુજન સમાજ પાર્ટી આ વખતે લોકસભાની ચૂંટણીમાં વધુ શાનદાર દેખાવ કરવા નવી રણનિતી પણ વિચારણા કરનાર છે.

## એએપીની પ્રથમ યાદી જારી થઈ:સિબ્બલ સામે આશુતોષ

નવી દિલ્હી,તા.૧૬

આમ આદમી પાર્ટીએ આજે લોકસભાની ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જારી કરી દીધી હતી. ૨૦ ઉમેદવારોની યાદીમા ધારણા પ્રમાણે જ રાહુલ સામે કુમાર વિશ્વાસને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરાયો છે. જેમાં રાષ્ટ્રીય પાટનગર દિલ્હીના ચાંદની ચોક વિસ્તારમાંથી કપિલ સિબ્બલની સામે



આશુતોષ ચૂંટણી લડશે જ્યારે મેનપુરીમાંથી સમાજવાદી પાર્ટીના પ્રમુખ મુલાયમસિંહ યાદવની સામે આમ આદમી પાર્ટીએ બાબા હરદેવને ટિકિટ આપવાનો નિર્ણય કર્યો છે જ્યારે ફરુકાબાદમાંથી કેન્દ્રિય પ્રધાન સલમાન ખુરશીદની સામે મુકુલ ત્રિપાઠીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરાયો છે. ભાજપના પૂર્વ અધ્યક્ષ નીતિન ગડકરીની સામે નાગપુર સીટ પરથી અંજલી દામનિયાને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરાયો છે. મેઘાપાટકર મુંબઈ ઉત્તરપૂર્વમાંથી આમ આદમી પાર્ટીની ટિકિટ પરથી ચૂંટણી લડશે. મુંબઈ ઉત્તર-પશ્ચિમમાંથી મયંક ગાંધીને ટિકિટ આપવામાં આવી છે. નાસિકમાંથી વિજય પંધારે મેદાનમાં ઉતરશે જ્યારે કુમાર વિશ્વાસ અમેઠીમાંથી રાહુલ ગાંધીની સામે ચૂંટણી લડશે. સાહરનપુરમાંથી યોગેશ દહિયા, મુરાદાબાદમાંથી ખાલિદ પરવેઝ મેદાનમાં રહેશે. અરૂણાચલ પશ્ચિમમાંથી હાબુંગપાયેગ ચૂંટણી લડશે. ખંડવામાંથી આલોક અગ્રવાલને ટિકિટ આપવામાં આવી છે. આમ આદમી પાર્ટીએ વ્યાપક વિચારણા કર્યા બાદ રાષ્ટ્રીય લોકદળના નેતા અજિતસિંહની સામે બાગપત બેઠક પરથી સોમેન્દ્ર ઢાકાને મેદાનમાં ઉતારશે. પશ્ચિમ દિલ્હી બેઠક પરથી કોંગ્રેસના મહાબલ મિશ્રાની સામે જનરેલસિંહને મેદાનમાં ઉતારવામાં આવશે. આમ આદમીપાર્ટીના નેતા યોગેન્દ્ર યાદવ ગુડગાંવામાંથી ચૂંટણી લડશે. કપિલ સિબ્બલની સામે આશુતોષની ઉતારવાની બાબતને તમામ લોકો આશ્ચર્યજનક ગણી રહ્યા છે.

## ભાવવધારા અને બેરોજગારીને રોકવામાં યુપીએ ફ્લોપ : મોદી

હમીરપુર,તા. ૧૬

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે હિમાચલપ્રદેશના હમીરપુર ખાતે સુજાનપુરના મેદાનમાં આયોજિત પરિવર્તિન રેલીને સંબોધતા કોંગ્રેસ પર તેજાબી પ્રહારોનો મારો જારી રાખ્યો હતો. ભાવ વધારા અને બેરોજગારીને રોકવામાં યુપીએ સરકાર ફ્લોપ રહી હોવાનો દાવો કરીને મોદીએ કહ્યુ હતુકે તેમની પાર્ટી ખેડૂતોના હિતોનું રક્ષણ કરશે. કેન્દ્રમાં ઝડપી વિકાસ સાથે આગળ વધી શકે તેવી દોડતી સરકારની તેમણે વાત કરી હતી.

મોદીએ આક્રમક અંદાજમાં ઝેરની ખેતી કરવાના કોંગ્રેસના નિવેદન અંગે જડબાતોડ જવાબ આપ્યો હતો. મોદીએ એકબાજુ ભાજપને દેશના લોકો વચ્ચે પ્રેમ વધારનાર પાર્ટી તરીકે ગણાવી હતી. મોદીએ દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૧૪ની ચૂંટણી બાદ દેશમાં એનડીએની સરકાર ચોક્કસપણે બનશે. તેમણે એનડીએ ટલે કે નેશનલ ડેમોક્રેટિક એલાઈન્સને એક નવુ નામ નેશનલ ડેવલપમેન્ટ એલાન્સ આપ્યું હતું. ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર મોદીએ કહ્યું હતું કે કેન્દ્રમાં વિકાસ માટે ભાગતી ગતિશીલ સરકારની જરૂર છે. તેમણે કહ્યુ હતું કે તેઓ કોંગ્રેસની જેમ માત્ર દાવાઓ અને વચનની સાથે આવ્યા નથી. બલ્કે એક મજબુત ઈરાદાની સાથે ભાજપની કેન્દ્રમાં સરકાર બનાવવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતર્યા છે. મોદીએ તેમના ભાષણમાં હિમાચલની કોંગ્રેસ સરકાર પર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે અહીં દર રોજ માર્ગ અકસ્માત થાય છે. અહી વિકાસની કોઇ ગતિ દેખાતી નથી. તેમણે ઉત્તારાખંડમાં કુદરતી હોનારત માટે સરકારને જવાબદાર ગણાવી હતી. મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે છેલ્લા ૬૦ વર્ષથી મોટા ભાગે સત્તામાં હોવા છતાં લોકોની હાલત કફોડી બનેલી છે. આટલા લાંબા ગાળા છઠતાં કોંગ્રેસ પર લોકોને વિશ્વાસ નથી. તેમના વચનમાં વિશ્વાસ નથી. મોદીએ દાવો કર્યો હતો કે દેશમાં આ એવી પ્રથમ સરકાર છેજેનામાં લોકોને વિશ્વાસ નથી. કોઇ પણ સરકાર જનતાના વિશ્વાસ વગર ચાલી શકે નહી. હમીરપુરમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકો વચ્ચે તેમના સંબોધનમાં મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસના શાસનમાં મહિલાઅને યુવતિઓ સલામત નથી. આજે યુવાનો રોજગારીની તકને લઇને પરેશાન છે. આજે દેશના જવાનો પાસે બંદકુ છે પરંતુ કમજોર શાસકના કારણે દુશ્મન તેમના માથા



કાપી નાંખે છે. મોદીએ પરિવર્તન રેલીમાં કહ્યું હતું કે કોઇ પણ દેશ અમારા પર પ્રભુત્વ જમાવવા પ્રયાસ કરે તે અમને પંસદ નથી. મોંઘવારીના પ્રશ્ને કોંગ્રેસ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાનુ વચન આપ્યું હતું જે હજુ પૂર્ણ થયું નથી. મોંઘવારીના મુદ્દે કોંગ્રેસના કોઇ નેતા વાત કરતા નથી.સફરજનના ભાવ યોગ્ય ન મળવા મામલે પણ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે સમસ્યાઓના સમાધાન માટે યોગ્ય રસ્તા શોધી કાઢવા પડશે. દરેક રાજ્યની જુદી જુદી સમસ્યા છે. હિમાલયના ક્ષેત્રની જુદી અને મેદાની ભાગોની જુદી સમસ્યા છે. મોદીએ ખાતરી આપતા કહ્યું હતું કે જે પગલા ૬૦ વર્ષમાં લેવામાં આવ્યા નથી તે પગલા હવે ૬૦ દિવસમાં ઉઠાવવામાં આવશે. જે રાજ્ય પાચળ રહી ગયા છે તે રાજ્યોને પાછળ રાખીને કોઇ દેશ પ્રગતિ કરી શકે નહી. ભજપ સમગ્ર દેશની પ્રગતિની વ્યુહરચના તૈયાર કરી આગળ વધવા માંગે છે. રેલવે વિકાસ માટે મહત્વપૂર્ણ છે. રેલવે પ્રત્યે ભારે ઉદાસીનતા રહી છે. રેલવેના વિસ્તાર અને વિકાસથી પ્રવાસને પ્રોત્સાહન મળશે. ભ્રષ્ટાચારથી મુક્તિ મેળવવા માટે ભ્રષ્ટાચારીઓને દુર કરવાની જરૂર છે. ભ્રષ્ટાચારના મામલે પણ મોદીએ વાત કરી હતી. તેમણે કહ્યુ હતુકે કોંગ્રેસ-ભાજપ પર બિનજરૂરી આરોપો મુકે છે પરંતુ કોંગ્રેસના તમામ ટેલિકોમ પ્રધાન પર ભ્રષ્ટાચારના કોઈને કોઈ આરોપ રહ્યા છે. કાળા નાણાંને લઈને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુ કે વિદેશી બેંકોમાં પડેલા કાળા નાણાંને લાવવા માટે ભાજપ કટિબદ્ધ છે. આ કાળા નાણાંને વિદેશમાંથી લાવવામાં આવ્યા બાદ નિર્ધારિત આવક ધરાવતા અને ઈમાનદારીથી કમાણી કરનાર, ઈન્કમટેક્સ રિટર્ન ભરનાર લોકોની વચ્ચે વહેંચી દેવામાં આવશે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

તેમ કહીને આગળ કવિતા વિશે પોતાની માન્યતાને પુષ્ટ કરતાં કવિ કહે છે કે 'એક દી' કવિતા ગદ્યખંડની શેરીઓમાં ફરતાં ભુખ્યાં બાળકોને સ્તનપાન કરાવશે ને છંદોના પાડે તો પણ બાળકો સાથે ગેલ કરશે અને અલંકારની ઐસીતૈસી કરી પદ્યમાં ખેતરો જેવી રહી ગયેલી ખુલ્લી જગામાં કામ કરતાં શ્રમજીવીઓનાં પ્રસ્વેદને લૂંછી હેત ભર્યો હાથ માથે મુકશે. કેમ કે - કવિતાએ વરસતો વરસાદ નહિ પણ વાતાવરણમાં પ્રસરેલી ઠંકડ છે અને કવિને મન ત્વચાને અપાયેલી સ્પર્શની પ્રસાદી છે કવિતા. આવા કવિએ સ્મરણ મોકલવા કાવ્ય સ્વરૂપનો જે આશરો લીધો છે તે કવિ માટે એક મોટી ઉપલબ્ધી છે. વાચક તેને કઇ રીતે કવિને પરવા નથી અને તે હોવી પણ ન જોઇએ.

'સ્મરણ મોકલો' કાવ્ય સંગ્રહ પોતાની પત્ની, પ્રિયતમા અને મિત્ર તરીકે અર્પણ કરતાં કવિ કહે છે કે મેં સુખદ પળોમાં મૂંઝવી છે ને આનંદની પળોમાં થકવી છે, તો વળી કવિ તેમનાં આ કાવ્ય પ્રવાસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ-સહકાર, પ્રેરણા અને માર્ગદર્શન આપનાર ભાવુક કવિ મિત્રો, કવિતાં સંચયના સંપાદકો, મિત્રો અને પરિવારજનોને ઋણ સ્વીકાર પણ કરે છે. જેમાં ઘણાં જાણીતાં નામો જોવા મળે છે. કવિના આ સંગ્રહને આવકારું છું.

*સ્મરણ મોકલો (કાવ્ય સંગ્રહ)*
*લેખક - કવિ પ્રભુ પહાડપુરી*
*પ્રકાશક - સંસ્કાર સાહિત્ય મંદિર, આંબાવાડી, અમદાવાદ*
*પૃષ્ઠ - ૧૬૮, કિંમત - ૧૬૦/-*
*પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩*

## સિંગાપુરના એર શોમાં ૩૨ અબજ ડૉલરના સોદા થયા

સિંગાપુર,તા.૧૬

સિંગાપુર એર શો ૨૦૧૪ની પૂર્ણાહૂતિ થઈ ગઈ છે પરંતુ સિંગાપુર એર શો દરમિયાન ૩૨ અબજ ડૉલરના મહાકાય સોદા થયા હોવાની માહિતી મળી છે. આ એર શોમાં ૪૭ દેશોમાંથી ૧૦૦૦થી પણ વધુ કંપનીઓએ ભાગ લીધો હતો. એર શોના આયોજક એક્સપીરિયા ઈવેન્ટે માહિતી આપતા કહ્યું છે કે છ દિવસના શો દરમિયાન ૩૨ અબજ ડૉલરની કિંમતના સોદા થયા હતા જેમાં એર બસ, એમ્બ્રાએર, બોઈંગ અને રોલ્સરાયસના મોટા ઓર્ડરો આપવામાં આવ્યા હતા. એશિયામાં એર બસના પ્રવક્તા સીન લીએ કહ્યું હતું કે પ્રથમ વખત એ ૩૫૦ એક્સડબલ્યુયુબીને રજૂ કરવા ઉપરાંત આશરે ૧૫ અબજ ડૉલરની કિંમતના ઓર્ડરની જાહેરાત કરવામાં આવી છે.

સિંગાપુર એરલાઈન્સની સાથે એક નવા સંયુક્ત તાલિમ કેન્દ્ર સ્થાપિત કરવાની પણ હિલચાલ હાથ ધરવામાં આવી છે. કેનેડાની મહાકાય કંપની બોમ્બબાર્ડિયરે કહ્યું છે કે તેને આ શો દરમિયાન ૮૫.૨ કરોડ ડૉલરના ૨૭ વિમાનો આપવાના ઓર્ડર મળ્યા છે. સિંગાપુર એર શો દરમિયાન વિશ્વની તમામ મોટી કંપનીઓ પહોંચી હતી જેમાં જુદી જુદી કંપનીઓના વિમાનો રજૂ કરવામાં આવ્યા હતા. એર શોના આયોજકનું કહેવું છે કે પહેલા જ આની તૈયારી કરી લેવામાં આવી હતી.



વસંતઋતુમાં સોળે કળાએ ખિલેલા સુપ્રસિધ્ધ મુઘલ ગાર્ડનને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ખુલ્લુ મુકયું છે. આ સાથે જ વાર્ષિક ઉદ્યાનોત્સવનો પ્રારંભ અહીં થયો છે. સામાન્ય જનતા માટે આગામી તા. ૧૬મી માર્ચ સુધી મુઘલ ગાર્ડનને ખુલ્લો મુકાયો છે.

## ગેસ વિવાદના મામલે કેજરીવાલનો મૌન તોડવા રાહુલ-મોદીને અનુરોધ

નવી દિલ્હી,તા.૧૬

આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલે આજે ગેસ વિવાદના મામલે મૌન તોડવા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. ગેસની કિંમતના વિવાદના મામલે કેજરીવાલે તેમના વલણ પર પ્રશ્ન ઉઠાવ્યા હતા. કેજરીવાલે ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને અદાણી સાથે તેમના સંબંધો અંગે વાત કરવાનો પણ પડકાર ફેંકયો હતો. માઈક્રો બ્લોગિંગ વેબસાઈટ ટ્વિટર પર શ્રેણીબદ્ધ સંદેશામાં કેજરીવાલે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા હતા. તેમના ટ્વિટ પૈકીના એકમાં કેજરીવાલે કહ્યું હતું કે મોદીએ ગેસની કિંમત મામલે મૌન તોડવાની જરૂર છે. કેજરીવાલે કહ્યું હતું કે મોદીને તેમની રેલીમાં આ મુદ્દે વાત કરવી જોઈએ.

એએપીના નેતાએ ઉંચા ગેસના ભાવ પ્રશ્ને ટેકો આપીને અંબાણીની તરફેણ કરી છે તેમ પણ કહ્યું હતું. કેજરીવાલે વળતો પ્રશ્ન કરતા કહ્યું હતું કે રાહુલ ગાંધી મુકેશ અંબાણી માટે ઉંચા ગેસના ભાવને કેમ ટેકો આપી રહ્યા છે. રાહુલે પણ આનો ખુલાસો કરવો જોઈએ. મુકેશ અંબાણી અને કેન્દ્રિય પેટ્રોલિયમ પ્રધાન વીરાપ્પા મોઈલી સામે એએપીના નેતૃત્વમાં દિલ્હી સરકાર સામે એફઆઈઆર દાકલ કરવામાં આવ્યા બાદથી એએપી દ્વારા આ મુદ્દે બન્ને નેતાઓ સામે પ્રહારો કર્યા છે. કેજરીવાલે કહ્યું હતું કે તેમની પાર્ટી વર્ષ ૨૦૧૪માં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં ગેસના મામલાને મુદ્દો બનાવશે.

## વિદ્યા બાલન હાલ પરિવાર શરૂ કરવા માટે તૈયાર નથી

મુંબઈ,તા. ૧૬

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી વિદ્યા બાલન હાલમાં પરિવાર શરૂ કરવાની કોઇ યોજના ધરાવતી નથી. વિદ્યાએ સગર્ભા હોવાના અહેવાલને રદિયો આપ્યો છે અને કહ્યું છે કે તે હાલમાં પરિવાર શરૂ કરવા માટે કોઈ પણ શક્યતા નિહાળી રહી નથી. પોતાની આગામી ફિલ્મ શાદી કે સાઈડ ઈફકેટ્સના સંબંધમાં વાત કરતા વિદ્યાએ કહ્યું છે કે આ ફિલ્મ લોકોને ગમી છે. પરિવાર શરૂ કરવાની યોજના છે કે કેમ તે અંગે પુછવામાં આવતા વિદ્યાએ કહ્યું હતું કે કોઈ દિવસે તે ચોક્કસપણે આ પ્રશ્નનો જવાબ આપી શકશે. પરંતુ હાલમાં આવી કોઈ યોજના નથી. વિદ્યા બાલને ડિસેમ્બર ૨-૧૨માં યુટીવી સ્ટુડિયોના સીઈઓ સિદ્ધાર્થ રોય કપુર સાથે લગ્ન કર્યા હતા. ત્યારબાદથી તે સગર્ભા હોવાના અહેવાલ વારંવાર આવતા રહ્યા છે. જો કે તે હાલમાં તેના આગામી પ્રોજેક્ટ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

હાલમાં તે શાદી કે સાઈડ ઈફેકટસમાં કામ કરી રહી છે. આ ફિલ્મમાં તેની સાથે ફરહાન અખ્તરની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મ પ્રેમી પ્રેમિકાઓ અને નવા દંપતિઓને ગમી જાય તેવી શક્યતા છે. વિદ્યા બાલનને બોલિવુડમાં સૌથી કુશળ અભિનેત્રી તરીકે ગણવામાં આવે છે.